## ગાંધીનગર મને ગમે છે...



મને ગાંધીનગર ગમે છે ... કારણ કે...

હું મૂળ ગામડાનો માણસ, ત્રીસ વર્ષ પહેલાં ગાંધીનગર આવ્યો ત્યારે જ ગાંધીનગરના પ્રેમમાં પડી ગયેલો. શહેરનો વર્તમાન વિકાસ ત્યારે સ્વપ્રવત હતો, ચારે તરફ હરિયાળી કોઈનું પણ મન જીતી લેવા પૂરતા હતાં. મને ગાંધીનગર તેની પર્યાવરણની અને માનવીય વિવિધતાના કારણે ગમે છે. આ શહેરમાં અને આજુબાજુમાં કોઈ કલ્પના ન કરી શકે પણ એકસો વિસ જેટલી પક્ષીઓની જાતિઓ, અનેક પ્રકારના સર્પ, શિયાળ, વાંદરા, નિલગાયો આ શહેરમાં જોવા મળશે. એક પ્રકૃતિ પ્રેમીને બીજું જોઈએ શું.

અને એક લેખકને જોઈતી સામગ્રી પણ આ શહેરમાં ઉપલબ્ધ છે અને એ છે માનવીય વૈવિધ્ય. જ્ઞાતિ, જાતિ, પ્રાંત, રાજ્ય અરે કેટલા વિદેશીઓ પણ આ શહેરમાં વસેલા છે. એક લેખકને બાહ્ય વૈવિધ્યની સાથે સાથે વ્યક્તિના આંતરિક પાસા સમજવા અનુભવવા જરૂરી હોય છે. અને ભૌતિક વૈવિધ્યની સાથે માનવ જીવનના સારા-ખરાબ અને સંકુલ માનવીય પાસાઓથી ભરપૂર ગાંધીનગર મારે માટે માત્ર શહેર નથી, પરંતુ જીવનની સમગ્રતાનું પ્રતીક છે.

- ધર્મેન્દ્ર ત્રિવેદી

### સ્પષ્ટતા

ગાંધીનગર સમાચાર તા. ૩-૩-૨૦૨૨ની 'ગાંધીનગર મને ગમે છે' કોલમમાં સરતચૂકથી 'નીત-નિરાળું' શબ્દ છપાયેલ છે, એ 'નિત-નિરાળું' એમ ગણવા વિનંતી.

- સંપાદક

# શહેરમાં ઉડતી રજકણથી શ્વાસને લગતા રોગમાં ઉછાળો

### હોસ્પિટલમાં ૧૫ થી ૨૦ ટકા દર્દીઓની સંખ્યા વધી : બ્રોન્કાઈટિસ, અસ્થમા, આંખના રોગો, કફ, શરદી જેવી એલર્જી પાનખરે વોહરી

ગાંધીનગર, તા. ૩

શહેરમાં અસ્થમાના દર્દીઓની સંખ્યામાં ઉછાળો નોંધાયો છે. પાનખર ઋતુમાં ઉડતી ડસ્ટ, રજકણોના કારણે શ્વાસને લગતી બિમારીઓ વધી રહી છે. ગાંધીનગરમાં અસ્થમા, બ્રોન્કાઈટિસ, શરદી, કફ, ખાંસી, તાવ, આંખની એલર્જીના દર્દીઓમાં ૧૫ થી ૨૦ ટકાનો વધારો થયો છે.

પ્રદૂષિત હવા આપણા સ્વાસ્થ્યને સીધી અસર કરે છે. સામાન્ય રીતે જોઈએ તો ૧૦ માંથી ૯ માણસો પ્રદૂષિત હવામાં શ્વાસ લે છે જે તેના શરીરને નુકસાન પહોંચાડે છે. તંદુરસ્ત માણસો પણ વાયુ પ્રદૂષણથી પોતાના સ્વાસ્થ્ય પર તેના પ્રભાવને અનુભવી શકે છે. હવામાં રહેલી રજકણો ફેફસા, હૃદય અને મગજને નુકસાન પહોંચાડે છે. હવાના પ્રદૂષણના સંપર્કમાં લાંબાગાળા સુધી રહેવાથી દિવસમાં એક પેકેટ સિગારેટ પીએ તેના કરતાં વધારે જોખમ રહેલુ છે.

પાનખરમાં ઉડતી રજકણો માનવ જીવનમાં રોગચાળો ફેલાવે છે. આ સાથે ડબલ ઋતુ હોવાથી દર્દી વધી રહ્યા હતા. એવામાં શરદી, ખાંસી, કફની એલર્જી મોટા પ્રમાણમાં જોવા મળતી હતી. જેનું આ કારણ પણ હોઈ શકે છે. સમગ્ર પાનખર દરમિયાન શહેરમાં ધૂળની રજકણો દ્વારા હવાનુ પ્રદૂષણ ફેલાવાથી શહેરીજનો અનેક એલર્જીનો ભોગ બની રહ્યા છે. હોસ્પિટલમાં એલર્જીથી પીડાતા દર્દીઓની સંખ્યા વધી રહી છે. વાહન ચલાવતા આંખમાં જતી ધૂળની રજકણોથી આંખના રોગોમાં પણ વધારો થયો છે. દર્દીઓની આંખો લાલ થઈ જાય છે તથા અસ્થમાના રોગમાં વધારો થયો છે.

#### આ સમયે એલર્જી પીક ઉપર જોવા મળી રહી છે



પાનખર ઋતુ દરમિયાન ઉડતી રજકણોના કારણે બ્રોન્કાઈટિસ, અસ્થમા, શરદી, ખાંસી, તાવ, કફ જેવી બિમારીઓ થાય છે. જેમાં જૂના અસ્થમાના દર્દીઓને વધારે મુશ્કેલીઓ થાય છે. આ સમયે એલર્જી પીક ઉપર જોવા મળી રહી છે. લગભગ ૧૫ થી ૨૦ ટકા માત્ર એલર્જીથી થતા રોગોના દર્દીઓ આવી રહ્યા છે.

- ડો. ખીલન મણીયાર

#### શરીર પર ચકામા થઈ જવા વિગેરે એલર્જી થાય છે



પાનખરના હિસાબે ઈન્ફેક્શન વધારે થાય છે. શરદી, ઉધરસ, તાવ, આંખની બિમારી વધુ થાય છે. હોળી આવતા વાયુ ઈન્ફેક્શન વધારે થવાની શક્યતા રહે છે. શરીર પર ચકામા થઈ જવા વિગેરે એલર્જી થાય છે. ઉપરાંત મિક્સ ઋતુ હોવાથી એલર્જી વધારે થાય છે. વર્તમાન સમયમાં ૨૦ ટકા દર્દીઓની સંખ્યા વધી છે. જેમાં ડાયાબિટીસ હોય તેવા દર્દીને વધારે મુશ્કેલીઓ રહેતી હોય છે.

- ડ. મહેન્દ્ર ગજ્જર

#### ગળામાં એલર્જી થાય છે



અત્યારે મોટા ભાગના પેશન્ટો શરદી, આંખમાંથી પાણી આવે, છીંક આવે, નાકમાંથી પાણી, અસ્થમાના દર્દીઓ આવે છે. ગળામાં એલર્જી થાય છે. ધૂળની રજકણોથી વાયુ પ્રદૂષણ વધવાથી આ એલર્જી જોવા મળી રહી છે. જેમાં પેશન્ટોની સંખ્યા દીનપ્રતિદિન વધી રહી છે.

- ડો. દિનકર ગોસ્વામી

#### એલર્જી રીલેટેડ રોગોમાં પીક આવી ગઈ છે



અત્યારે એલર્જી રીલેટેડ રોગોમાં પીક આવી ગઈ છે. પરાગરજો, ડસ્ટ, રજકણોના કારણે આ બધી એલર્જી થાય છે. ડબલ ઋતુના કારણે તથા વાયુ પ્રદૂષણના કારણે પરમેનેન્ટ ઈઓસીનું કાઉન્ટ વધી જાય છે. જેથી શ્વાસનળી ફૂલી જાય છે દર્દીને સ્વાસ લેવામાં તકલીફ થાય છે. હમણાં અસ્થમાના દર્દીઓ વધારે છે.

- ડો. દર્શન પંડ્યા

ગાંધીનગરમાં હવાનું પ્રદૂષણ ખૂબ ઓછું હોય છે. આમ તો નહિવત જ કહેવાય પરંતુ પાનખરની ઋતુએ શહેરીજનોને હેરાન પરેશાન કરી મુક્યા છે. એક તરફ મસીનો ત્રાસ રહેતો હોય છે. વાતાવરણમાં મસીનો વરસાદ શહેરભરમાં થયો હોય એમ ફેબ્રુઆરી માસમાં વાતાવરણમાં ખૂબ મસી જોવા મળતી હોય છે. જે વાહનચાલકોને વાહન ચલાવતી વખતે આંખોમાં જતા ઘણી બધી તકલીફો થાય છે. અમુક રંગના કપડાઓ પર ચોંટી જાય છે.

પાનખરના વિદાય અને વસંતના આગમન દરમિયાન ડબલ ઋતુ અનુભવાતી હોય છે જેના કારણે શરદી, ખાંસી, કફની એલર્જીઓ થતી જ હોય છે. પરંતુ પાનખરની ઋતુમાં રજકણો ઉડવાથી સૌથી વધારે એલર્જી હોય છે. શ્વાસમાં ધૂળની રજકણો જવાથી બ્રોન્કાઈટીસના રોગ થાય છે. નિષ્ણાતોના જણાવ્યા મુજબ આ વર્ષે પાનખર દરમિયાન ઉડતી ડસ્ટના કારણે ૧૫ થી ૨૦ ટકા એલર્જી સંબંધિત રોગચાળો વકર્યો છે. જેમાં સિનિયર સિટિઝનને વધારે મુશ્કેલી પડતી હોય છે. તેમાં પણ ડાયાબિટીસના દર્દીઓને સૌથી વધુ ખતરો રહેતો હોય છે. અસ્થમાના દર્દીઓને વાયુ પ્રદૂષણના કારણે સ્વચ્છ વાતાવરણમાં રહેવું અનિવાર્ય ગણાય છે. નાના બાળકો અને યુવાવર્ગમાં આ એલર્જી ફેલાય છે પરંતુ ઝડપથી સાજા થઈ જાય છે જ્યારે વયોવૃદ્ધ નાગરિમાં વાયુ પ્રદૂષણ ઘાતક નીવડી શકે છે.

# હવે, સંસ્કૃતિકુંજમાં ૧૪મીથી વસંતોત્સવ

### વસંતોત્સવ અગિયાર દિવસ પાછો ઠેલાયો : પ્રધાનમંત્રીના આગમનને પગલે 'જ' રોડ ઉપર સુરક્ષાની અગમચેતીથી આ નિર્ણય લેવાયો



ગાંધીનગર, તા. ૩

ગાંધીનગરમાં આ વર્ષે બે વર્ષના અંતરાલ બાદ વસંતોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. જે ૪ માર્ચના દિવસથી આરંભ થવાનું હતુ પરંતુ અમુક કારણોસર તારીખમાં ફેરફાર કરવામાં આવ્યો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી આગામી ૧૧ થી ૧૨ માર્ચના રોજ ગુજરાતના બે દિવસના પ્રવાસે આવી રહ્યા છે ત્યારે ગાંધીનગર ખાતે રાજભવનમાં રોકાણ કરવાના હોવાથી 'જ' રોડ ઉપર સુરક્ષાના પગલે આ સંપૂર્ણ કાર્યક્રમ પાછળ ઠેલાયો છે. જે તારીખ ૧૪ માર્ચથી વસંતોત્સવનો પ્રારંભ કરવાનું આયોજન કર્યુ છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની સુરક્ષાના પગલે આ નિર્ણય લેવામાં આવ્યો છે. છેલ્લા બે વર્ષથી કોરોના મહામારીના પગલે વસંતોત્સવની ઉજવણી થઈ નહોતી જે આ વર્ષે માર્ચમાં વસંતોત્સવની ઉજવણી કરવામાં આવશે. દર વર્ષે ફેબ્રુઆરી માસમાં વસંતોત્સવનું આયોજન કરવામાં આવતુ હોય છે પરંતુ આ વખતે ફેબ્રુઆરી માસમાં કોરોનાનો પ્રકોપ હોવાથી કોઈ ચોક્કસ નિર્ણય લેવાયો નહોતો. જ્યારે કોરોનાના કેસમાં ઘટાડો જોવા મળતા આ વર્ષે વસંતોત્સવનું આયોજન માર્ચ મહિનામાં કરવાનો નિર્ણય લેવાયો જેમાં ૪ માર્ચથી સંસ્કૃતિકુંજનું ઉદ્‌ઘાટન કરવાનુ હતુ જે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની સુરક્ષાને પગલે આગામી ૧૪ માર્ચથી રંગારંગ વસંતોત્સવની ઉત્સાહપૂર્વક ઉજવણી કરવામાં આવશે.

**છેલ્લા બે વર્ષથી કોરોના મહામારીના પગલે વસંતોત્સવની ઉજવણી થઈ નહોતી જે આ વર્ષે માર્ચમાં વસંતોત્સવની ઉજવણી કરવામાં આવશે.**

વસંતોત્સવની શહેરીજનો બે વર્ષથી રાહ જોઈ રહ્યા છે. સૂત્રોના જણાવ્યા મુજબ સ્ટોલના બુકીંગ માટે આ વર્ષે ઘણી બધી ઈન્કવાયરીઓ થઈ છે. વસંતોત્સવમાં અવનવી ચીજવસ્તુઓના સ્ટોલ તથા ખાણીપીણીના સ્ટોલ માટે બુકિંગ થઈ ગયા છે. સાંસ્કૃતિકુંજમાં રંગરોગાન થઈ ચૂક્યુ છે. ત્યારે હવે શહેરીજનોએ અગિયાર દિવસની રાહ જોવી પડશે. ૧૪મીથી બે વર્ષ સૂમસામ રહેલા સે. ૯ ના સાંસ્કૃતિક કુંજમાં માનવ મહેરામણ જોવા મળશે.

## ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા વિશ્વ મહિલા દિને 'તેજસ્વિની' સમારોહ

ગાંધીનગર, તા. ૩

ગુજરાત સાહિત્ય અકાદગમી આયોજિત વિશ્વ મહિલા દિને નારી ચેતનાનો ઉલ્લાસ કરતો કાર્યક્રમ તા. ૮ માર્ચ ૨૦૨૨, મંગળવારે પદ્મશ્રી વિષ્ણુ પંડ્યા 'નારી, તું ના હારી' વિષય પર વક્તવ્ય આપશે. જાણીતા કવયિત્રી રક્ષા શુકલ લિખિત પુસ્તક ''તેજસ્વિની' લોકપ્રિય આરજે દેવકી અને મહામાત્ર ડૉ. જયેન્દ્રસિંહ જાદવ નારી સશક્તિકરણ વિશે વક્તવ્ય આપશે. કવયિત્રી સંમેલનમાં લક્ષ્મી ડૉ. રાજ કાવ્યપાઠ કરશે. જાણીતા ગાયિકા માયા દીપક નારી મહિમાનું ગાન કરશે. વિશેષ નારી પ્રતિભાઓને સન્માનિત કરશે તથા નારી સંવેદનાના સાહિત્યનું પ્રદર્શન યોજાશે.

## ચંદ્રાલા પાસે લકઝરી બસમાં બિનવારસી થેલામાંથી બે પિસ્ટલ-કારતુસ મળ્યા

ગાંધીનગર,તા.૩

ચંદ્રાલા નાકા પોઈન્ટ પર લકઝરી બસમાં વાહન ચેકીંગ દરમિયાન પોલીસને બિન વારસી બે પિસ્ટલ, ૫૦ જીવતા કારતુસ અને બે ખાલી મેગઝીન સહિત રૂ.૫૬ હજારનો મુદ્દામાલ કબ્જે કરી પોલીસે આર્મસ એકટ મુજબનો ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ચિલોડા પોલીસના જવાનો ચંદ્રાલા નાકા પોઈન્ટ પર વાહન ચેકીંગની કામગીરી કરી રહ્યા હતા. તે દરમિયાન હિંતમનગર તરફથી આવી રહેલી શ્રીનાથ ટ્રાવેલ્સની લકઝરી બસ નં. આર.જે.૩૦.પી.એ.૩૩૨૦ ને સાઈડમાં ઉભી રખાવી હતી. જેથી બસમાંથી કેટલાક પેસેન્જર ફ્રેશ થવા માટે નીચે ઉતર્યા હતા. ત્યારબાદ પોલીસે બસ ડ્રાઈવર ગોવર્ધનસિંહ જયસિંહ રાજપુત (ઉં.૪૩ વોર્ડ નં.૨૪ નાથદ્રારા રાજસ્થાન) અને કંડકટર પવનકુમાર સાલવી(ઉં.૨૫, રૂપનગર ગામ હરનાલી (બાડાખેડા) તા.બ્યાવર રાજસ્થાન) ને સાથે રાખી બસમાં મુસાફરોનો સામાન ચેક કરી રહ્યા હતા. તે સમયે સ્લીપર કોચ નં.એલ-૧૧ઉપરના ભાગે બિનવારસી થેલો મળી આવ્યો હતો.

આ બસના મુસાફરો તેમજ ડ્રાઈવર કંડકટરને થેલા અંગે પુછતાછ કરતા થેલો લઈને શખ્સ ઉદેપુરથી બેઠો હતો અને બસ ઉભી રહેતા તે નીચે ઉતર્યો હતો અને પરત ન ફરવાની હકીકત સામે આવી હતી. જેથી થેલો ખોલી તપાસ કરતા પિસ્ટલ જેવા બે હથીયાર મળી આવ્યા હતા. પોલીસે બે પિસ્ટલ કિં.૫૦,૦૦૦, ખાલી મેગઝીન બે રૂ.૧૦૦૦ તેમજ રૂ.૫,૦૦૦ ના ૫૦ જીવતા કારતુસ મળી કુલ રૂ.૫૬ હજારનો મુદ્દામાલ કબ્જે કર્યો છે.

જયારે પોલીસને એક પર્સ મળી આવ્યું હતું. તેમાં તપાસ કરતા ચીઠ્ઠી મળી આવી હતી. જેમાં રામકિશન માળી (રહે, અતેવા ભોલુપુરા, તા.જી. કરોલી રાજસ્થાન અને એડવોકેટનું વીઝીટીંગ કાર્ડ તેમજ મહિલા સહિત ત્રણ પાસપોર્ટ સાઈઝના ફોટા મળી આવ્યા હતા. આ ફોટા બસ ડ્રાઈવર-કંડકટર અને મુસાફરોને દેખાડતા આ ત્રણ પાસપોર્ટ સાઈઝના ફોટા પૈકી એક ફોટો મુસાફરનો હોવાનું સામે આવ્યું હતું.જયારે અન્ય કોઈ ચીજવસ્તુ મળી આવી ન હતી.જયારે આ મુસાફર ઉદેપુર પોલી બસ સ્ટેન્ડથી અમદાવાદ જવા માટે બેઠો હોવાની હકીકત સામે આવી છે. બનાવ અંગે પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## ગુજરાતની પવિત્ર ભૂમિમાં રામવાડી-૧ ખાતે અદ્‌ભૂત જ્યોતિ સ્વરૂપ પારાનું શિવલીંગ

જૂનાગઢ, તા.૨

પુરાણ પ્રસિદ્ધ ગિરિવર ગીરનારની પાવન ભૂમિ પર કે જે તપોભૂમિ ઉપર ગુરૂ દત્તાત્રેય ભગવાન, નવનાથ અને ચોર્યાસી



સિદ્ધોના બેસણા બોય, જે ભૂમિને લાખો સંત-સાધુ અને યોગીઓએ પોતાના તપ દ્વારા જગપ્રસિદ્ધ અપાવી છે, જ્યાં કૃષ્ણ ભક્ત નરસિંહ મહેતાએ ઈશ્વર સાધના દ્વારા પોતાની વાણી દ્વારા અનેક ચમત્મકારો સર્જ્યા એ જૂનાગઢની પવિત્ર ધરતી ઉપર ગીરનાર દરવાજાથી આગળ ગીરનાર રોડ ઉપર ગાયત્રી મંદિરની સામે સમર્થ શ્રી પ્રાગદાસબાપા ગોદડીયાની રામવાડી-૧ આવેલ છે, આ પવિત્ર ધર્મસ્થાન - જગ્યા ઉપર પૂજ્ય પ્રાગદાસબાબા ગોદડીયાએ ભજન અને ભોજનની અલેખ જગાવેલી છે. આ રામવાડી-૧માં દર્શનીય શિવાલય છે, જેમાં ગીરનારની પવિત્ર ભૂમિ ઉપર માત્ર એક શિવલિંગ છે. જેનું વજન ૪૫ કિલો છે, આ શિવલિંગ અદ્‌ભૂત અને ચમત્કારિક ગણાય છે, કહેવાય છે કે, પારો આમ તો એક પ્રવાહી છે, પણ તેને રાસાયણિક ક્રિયા દ્વારા ઘટ અને તઠણ બનાવવામાં આવે છે. શાસ્ત્રોના મત પ્રમાણે ભગવાન શિવજી દ્વારા આ પદાર્થનું નિર્માણ થયું છે, જે ઉત્તમ પવિત્ર અને દર્શનીય છે, ભાવિકોએ, ભક્તોએ, શિવ પરંપરાના અનુયાયીઓએ આ અદ્‌ભૂત અને પવિત્ર શિવલિંગના દર્શના કરવા એ જીવનનો ઉત્તમ લ્હાવો છે.

# સતત ૭૨ કલાકના સંઘર્ષ બાદ બોર્ડર ક્રોસ કરી પોલેન્ડ પહોંચી શકી : નૃપાક્ષી

### હજુ સંખ્યાબંધ ગુજરાતીઓ અને ભારતીયો યુક્રેન બોર્ડર પર ખુબ જ ખરાબ સ્થિતિમાં સમય પસાર કરી રહ્યા છે : જીવન-મરણ વચ્ચે ઝોલાં ખાતા ભારતીયોને તાકીદે બચાવવા જરૂરી





ગાંધીનગર, તા. ૩

જીવન-મરણનો જંગ ખેલીને અને ખુબ જ વિકટ પરિસ્થિતિમાંથી પસાર થઈને યુક્રેનથી ભારત પહોંચ્યા છે આ શબ્દો છે યુક્રેનથી ભીષણ જંગની સ્થિતિ વચ્ચે પરત આવેલી ગાંધીનગરની દીકરી નૃપાક્ષીના... ખાધા-પીધા અને ઉંઘ્યા વગર સતત ૭૨ કલાક પસાર કરનાર પૃપાક્ષી યુક્રેનમાં ફસાયેલા તેના મિત્રો અને અન્ય ભારતીયોને બચાવી લેવા અપીલ કરે છે.



રશિયા અને યુક્રેન વચ્ચે શરૂ થયેલા ભીષણ જંગમાં સૌથી કપરી સ્થિતિ ત્યાં અભ્યાસ કરવા પહોંચેલા વિદેશી નાગરીકોની છે. યુક્રેનમાં મેડીકલનો અભ્યાસ કરવા ગયેલા હજ્જારો ભારતીયો હજુ પણ યુક્રેનમાં ફસાયેલા છે. અનેક દિવસોના સંઘર્ષ અને યાતનાભરી સ્થિતિમાંથી પસાર થઈને પરત ગાંધીનગર આવેલી નૃપાક્ષી ચૌહાણ યુક્રેનની સ્થિતિનો આંખે દેખ્યો અહેવાલ વર્ણવે છે ત્યારે રૂવાડાં ઉભા થઈ જાય છે અને સ્તબ્ધ રહી જવાય છે. હાથ-પગ થરીને ઠીકરૂ થઈ જાય, શરીરની નસોમાં લોહી જામવા માંડે તેવી આકરી ઠંડીમાં ખાધા-પીધા વિના દિવસોના દિવસો પસાર કરનાર નૃપાક્ષી કહે છે કે માત્ર આત્મવિશ્વાસ અને ઈશ્વર ઉપરની શ્રદ્ધાના કારણે જ અમે જીવન-મરણના જંગ વચ્ચેથી પસાર થઈને આવ્યા છીએ. શબ્દોમાં વર્ણવી ન શકાય તેવી સ્થિતિમાં અમે જે દિવસો પસાર કર્યા છે તે ખૂબ જ ભયાવર અનુભવ રહ્યો છે. હજુ પણ ઘણા ભારતીય વિદ્યાર્થીઓ યુક્રેનના વિવિધ વિસ્તારોમાં પોતાનો જીવ બચાવવા ભારે સંઘર્ષ કરી રહ્યા છે.

નૃપાક્ષી કહે છે કે યુદ્ધ શરૂ થયુ તે જ સમયગાળામાં એટલે કે ૨૫મી ફેબ્રુઆરીના રોજ તે પોતાના મિત્રો સાથે પોલેન્ડની બોર્ડર નજીકના શહેર ટર્નોપીલથી નીકળી હતી. ત્રણથી ચાર ગણુ ભાડુ ચુકવીને તે એક મીની બસમાં પોલેન્ડની સરહદ નજીક પહોંચી હતી. બસોએ ભારતીય વિદ્યાર્થીઓને ૩૦ થી ૩૫ કિ.મી. દૂર ઉતારી દીધા હતા. અમે મિત્રોનુ ગ્રુપ ત્યાંથી ચાલતાં જ પોલેન્ડની સરહદ જવા નીકળ્યા હતા. પોલેન્ડમાં પ્રવેશ કરવુ આસાન ન હતુ. યુક્રેન-પોલેન્ડની બોર્ડર પર હજ્જારો લોકોનો જમાવડો હતો. સૌથી વધુ ભીડ ભારતીયોની હોઈ યુક્રેન આર્મી તેમની સાથે ખુબ જ ખરાબ વર્તન કરતી હતી. યુક્રેન બોર્ડર પસાર કરવા માટે વીઝા સહિતની લાંબી પ્રોસેસ હોઈ કલાકોના કલાકો અહી ઉભા રહેવુ પડ્યુ હતુ. ખાણી-પીણીની કોઈ વ્યવસ્થા બોર્ડર નજીક ન હોઈ અમે લગભગ ૭૨ કલાક આવી સ્થિતિમાં ગાળ્યા હતા. શારીરિક અને માનસિક રીતે ભાંગી પડાય તેવી તમામ સ્થિતિનો અનુભવ ત્યાં થઈ ગયો. એટલી બધી ભીડ હતી કે બેસી શકાય તેવી પણ સ્થિતિ ન હતી. માત્ર અને માત્ર આત્મબળ જ અમને તેવી સ્થિતિમાં ટકાવી રાખતુ હતુ. ભારતીય વિદ્યાર્થીઓને કતારમાં રહેવા અને શિસ્ત જાળવવા ખુબ મહેનત કરવી પડી હતી. ક્યાંક લીડરશીપ લેવી પડી તો ક્યાંક મેડીકલ હેલ્પની જરૂરીયાત ઉભી થતા તે પણ મે આપવાનો પ્રયાસ કર્યો હતો. પોલેન્ડ બોર્ડરની સાવ નજીક પહોંચીને પણ કલાકોના કલાકો લાઈનમાં ઉભા રહેવુ પડ્યુ હતુ. નૃપાક્ષી કહે છે કે પોલેન્ડ બોર્ડર પર કોઈ ભારતીય રાજદૂત હાજર ન હતા. ખુબ જ ખેદ સાથે કહેવુ પડે છે કે ભારતીયોને પરત લાવવા માટે ખુબ જ નાના વિમાનો મોકલવામાં આવે છે. હજુ ઘણા ભારતીય વિદ્યાર્થીઓ યુક્રેનના મેટ્રો સ્ટેશનોમાં ભારે ગોળીબારી વચ્ચે સમય પસાર કરી રહ્યા છે તેમને યુક્રેનમાંથી જ એરલીફ્ટ કરવાની જરૂર છે. બોર્ડર ખુબ જ દૂર હોવાથી અને યુદ્ધની પરિસ્થિતિ હોવાથી ત્યાંથી બહાર નીકળી શકાતુ નથી. ખરેખર અમે નસીબદાર હતા કે ત્યાંથી નીકળી શક્યા.

દિલ્હી પહોંચ્યા બાદ અમને સારી સુવિધાની અપેક્ષા હતી પરંતુ ગુજરાત સરકાર તેમાં પણ ઉણી ઉતરી છે તે ખુબ જ ખેદ સાથે કહેવુ પડે છે. દિલ્હીથી અમદાવાદ ફ્લાઈટ એરેન્જ કરવાના બદલે ગુજરાતના અધિકારીઓએ બસની સુવિધા આપીને સંતોષ માન્યો છે. ગુજરાત કરતા વિકાસમાં ક્યાંય પાછળ ગણાય તેવા છત્તીસગઢ, ઓરીસ્સા જેવા રાજ્યો પણ ફ્લાઈટની વ્યવસ્થા કરી શક્યા તો ગુજરાત કેમ આવી સુવિધા આપી શકે નહી તેનો રંજ છે.

અનેક અનુભવોમાંથી પસાર થયેલી નૃપાક્ષી આખરે હેમખેમ ઘરે પરત આવતા તેના માતા-પિતા અને અન્ય પરિવારજનો ખુબ ખુશ થયા છે અને અનેક રાતો ચિંતામાં વિતાવ્યા બાદ હાશકારો અનુભવી રહ્યા છે.